# અમદાવાદ કેળવણી ટ્રસ્ટ સંચાલિત

# આર. જી. શાહ સાયન્સ કોલેજ, વાસણા, અમદાવાદ

## લેબ આસીસ્ટન્ટ, ઇલેક્ટ્રિશિયન અને સ્ટોર કીપર માટેની ભરતી અંગેની સૂચનાઓ

**(૧) નોંધ:-**

**(A)અરજીપત્રક ધરાવતા કવર પર ઉમેદવારે જે જગ્યા માટે અરજી કરેલ છે તે જગ્યાનું નામ અવશ્ય દર્શાવવાનુ રહેશે.**

(B) ઉમેદવાર સામાન્ય વહીવટ વિભાગના તા. ૧૫/૦૨/૨૦૦૧ ના ઠરાવ ક્રમાંક : સી.આર.આર/ ૧૦૨૦૦૦/ જીઓઆર/ગ-૨ ના ઠરાવની જોગવાઈ મુજબ દિવ્યાંગતાની ૪૦% કે તેથી વધુ દિવ્યાગતાની ટકાવારી ધરાવતા હોવાનું સિવિલ સર્જનનું સર્ટીફીકેટ ધરાવતા હશે, તો જ દિવ્યાંગ ઉમેદવાર તરીકે ઉપલી વયમર્યાદા અને અનામતનો લાભ મળશે. શારીરિક અશક્તતા અંગે સામાન્ય વહીવટ વિભાગના તા.૧-૧૨-૨૦૦૮ ના પરિપત્ર ક્રમાંક-પરચ-૧૦૨૦૦૮-૪૬૯૫૪૦-ગ-૨ અને ત્યારબાદ સરકારશ્રીના વખતો વખતના સુધારા પરિપત્રથી નિયત થયેલા નમુનામાં સરકારી હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડન્ટ/સિવિલ સર્જન /મેડીકલ બોર્ડ દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે. તબીબી પ્રમાણપત્રને આધિન રહીને ઉપલી વયમર્યાદામાં ૧૦ વર્ષની છૂટછાટ મળશે (મહત્તમ ૪૫ વર્ષની મર્યાદામાં).

(C) માજી સૈનિક ઉમેદવારો કે જેઓએ જલ, વાયુ અને ભૂમિ (સ્થળ) ની આર્મી ફોર્સીસમાં ઓછામાં ઓછા છ માસની સેવા કરી હોય અને માજી સૈનિક તરીકેનું સક્ષમ અધિકારીનું ઓળખકાર્ડ અને ડિસ્ચાર્જબુક ધરાવતા હોય તો ઉપલી વયમર્યાદામાં તેઓએ બજાવેલ ફરજનો સમયગાળો ઉપરાંત ત્રણ વર્ષ સુધીની છુટાછાટ મળશે.

(D) ભરતી પ્રક્રિયા દરમ્યાન પસંદગી પામેલ ઉમેદવાર જો કોઈ અન્ય જગ્યાએ નોકરી કરતા હોય તો પોતાની સંસ્થાના વડાનું નિયત સમય મર્યાદામાં NOC રજુ કરેથી નિમણુક પાત્ર રહેશે.

**(૨) રાષ્ટ્રીયતા:-**

ઉમેદવાર ભારતનો નાગરિક હોવો જોઈએ અથવા ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ ના નિયમ- ૭ ની જોગવાઈ મુજબની રાષ્ટ્રીયતા ધરાવતો હોવો જોઈએ.

**(3) વય મર્યાદા:-**

(A) ઉંમર જાહેરાતમાં દર્શાવલ અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે.

(B) અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ઉમેદવારની ઉંમર ૩૫ વર્ષથી વધુ ન હોવી જોઈએ અને ગુજરાત સરકારની સેવામાં હોય તેવી વ્યક્તિઓની તરફેણમાં ઉપલી વયમર્યાદા વખતો વખત સુધાર્યા પ્રમાણેના ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો-૧૯૬૭ ની જોગવાઈ અનુસાર રહેશે.

(C) વય મર્યાદામાં છૂટછાટ:

સામાન્ય વર્ગની મહિલા ઉમેદવારો, અનામત વર્ગના પુરૂષ તથા મહિલા ઉમેદવારો તેમજ માજી સૈનિક, દિવ્યાંગ ઉમેદવારોને નીચે મુજબ નિયમોનુસાર છૂટછાટ મળવાપાત્ર છે. અનામત વર્ગના ઉમેદવારોનો બિન અનામત જગ્યા માટે અરજી કરશે તો આવા ઉમેદવારોને વયમર્યાદામાં છૂટછાટ મળશે નહી.

| ક્રમ | કેટેગરી | વય મર્યાદામાં છૂટછાટ |
|---|---|---|
| ૧ | મૂળ ગુજરાતના અનુસુચિત જાતિ અનુસુચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના અને આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારો. | પાંચ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં). |
| ૨ | મૂળ ગુજરાતના અનુસુચિત જાતિ અનુસુચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના અને આર્થિક રીતે નબળા વર્ગના મહિલા ઉમેદવારો. | દસ વર્ષ (આ છૂટછાટમાં મહિલા માટેની છૂટછાટ કે જે પાંચ વર્ષની છે. તેનો સમાવેશ થઇ જાય છે. વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં છૂટછાટ મળશે). |
| 3 | મહિલા ઉમેદવારો. | પાંચ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં). |
| ૪ | દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારો. | દસ વર્ષ (વધુમાં વધુ ૪૫ વર્ષની મર્યાદામાં). |

**(૪) કોમ્પ્યુટરની જાણકારી:-**

ઉમેદવાર રાજય સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા.૧૩/૮/૨૦૦૮ તેમજ તા. ૧૮/03/૨૦૧૬ ના સરકારી ઠરાવ નંબર- સીઆરખાર-૧૦-૨૦૦૭-૧૨03૨૦-ગુ.૫-થી નકકી કરેલ અભ્યાસક્રમ મુજબ કોમ્પ્યુટર અંગેનું બેઝીક નોલેજ ધરાવતા હોવા અંગેનું કોઈપણ તાલીમી સંસ્થાના પ્રમાણપત્ર/માર્કશીટ ધરાવતા હોવા જોઈએ. અથવા સરકાર માન્ય યુનિવર્સિટી અથવા સંસ્થામાં કોમ્પ્યુટર જ્ઞાન અંગેના કોઈ પણ ડિપ્લોમાં / ડીગ્રી કે સર્ટીફિકેટ કોર્ષ કરેલ હોય તેવા પ્રમાણપત્રો અથવા ડીગ્રી કે ડીપ્લોમાં અભ્યાસક્રમમાં કોમ્પ્યુટર એક વિષય તરીકે હોય તેવા પ્રમાણપત્રો અથવા ધોરણ-૧૦ અથવા ધોરણ-૧૨ ની પરીક્ષા કોમ્પ્યુટરના વિષય સાથે પાસ કરેલ હોય તેવા પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઈએ તેમજ આ તબકકે આવું પ્રમાણપત્ર ન

ધરાવતા ઉમેદવારો પણ અરજી કરી શકશે. પરંતુ આવા ઉમેદવાસેએ નિમણૂંક સત્તાધિકારી સમક્ષ કોમ્પ્યુટરની બેઝીક નોલેજની પરીક્ષા પાસ કર્યાનું આવું પ્રમાણપત્ર નિમણૂંક મેળવતાં પહેલાં અચૂક રજૂ કરવાનું રહેશે અન્યથા નિમણૂક મેળવવાને પાત્ર થશે નહી તેમજ નિમણુંક સત્તાધિકારી આવા કિસ્સામાં ઉમેદવારની પસંદગી રદ કરશે.

**(૫) શૈક્ષણિક લાયકાત:-**

(A) ઉમેદવાર ભારતમાં કેન્દ્રીય અથવા રાજય અધિનિયમથી અથવા હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટી પૈકી કોઈ પણમાંથી અથવા તે તરીકે માન્ય થયેલી અન્ય કોઈ પણ શૈક્ષણિક સંસ્થામાંથી અથવા યુનિવર્સિટી ગ્રાટ કમિશન અધિનિયમ-૧૯૫૬ની કલમ -૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઈ પણ શૈક્ષણિક સંસ્થામાથી મેળવેલ સ્નાતકની પદવી ધરાવતો હોવો જોઈએ અથવા સરકારે માન્ય કરેલ તેની સમકક્ષ લાયકાત ધરાવાતો હોવો જોઈએ. દરેક જગ્યા પ્રમાણે શૈક્ષણિક લાયકાત નીચે મુજબ રહેશે.

| ક્રમ | જગ્યાનું નામ<br>કેટેગરી – સંખ્યા | લાયકાત |
|---|---|---|
| 1 | લેબ આસીસ્ટન્ટ<br>SEBC-1 | માન્ય યુનિવર્સીટી માંથી કેમેસ્ટ્રી વિષયમાં સ્નાતક તથા કોમ્પ્યુટર અંગેની જાણકારી |
| 2 | લેબ આસીસ્ટન્ટ<br>દિવ્યાંગ-1<br>{દિવ્યાંગ કેટેગરી - D & E as per NOC} (ASD (M), SLD, MI, MD) | માન્ય યુનિવર્સીટી માંથી માઈક્રોબાયોલોજી વિષયમાં સ્નાતક તથા કોમ્પ્યુટર અંગેની જાણકારી |
| 3 | ઈલેક્ટ્રીશિયન<br>OPEN-1 | ITI certificate ઈલેક્ટ્રીશીયન / વાયરમેન ટ્રેડ અથવા ડીપ્લોમાં/ડીગ્રી ઇન ઈલેક્ટ્રીકલ એન્જીનીયરીંગ તથા કોમ્પ્યુટર અંગેની જાણકારી |

| | | |
|---|---|---|
| 4 | સ્ટોર કીપર<br>OPEN-1 | માન્ય યુનિવર્સીટી માંથી કેમેસ્ટ્રી વિષયમાં સ્નાતક તથા કોમ્પ્યુટર અંગેની જાણકારી |

(B) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો – ૧૯૬૭ માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઈએ.

(C) ઉમેદવાર ગુજરાતી અથવા હિન્દી અથવા બંને ભાષાનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઈએ.

**(૬) પરીક્ષા ફી:-**

સીધી ભરતીની પરીક્ષા માટે પરીક્ષા ફી નું ધોરણ નીચે મુજબનું રહેશે.

| પરીક્ષા ફી નું ધોરણ | | |
|---|---|---|
| | બિન અનામત વર્ગ | અનામત વર્ગ<br>(તમામ કેટેગરીની મહિલા, સા.શૈ.પ. વર્ગ, અનુસૂચિત જાતિ,અનુસુચિત જન જાતિ આ.ન.વર્ગ, દિવ્યાંગ અને એક્સ સર્વિસમેન ઉમેદવારો) |
| પ્રાથમિક પરીક્ષા | INR ૫૦૦/- | INR ૪૦૦/- |

ઉમેદવારે અરજી સાથે R. G. Shah Science College, Payable at Ahmedabad નામનો નિયમોનુસાર રૂ.૫૦૦/- અથવા ૪૦૦/- નો ડીમાન્ડ ડ્રાફ્ટ અને 9 X 4 સાઇઝનું પોતાનું સરનામું લખેલ અને INR ૫૫/-ની ટપાલ ટિકિટ લગાડેલું કવર મૂકવાનું રહેશે. **અરજીપત્રકના મથાળે ઉમેદવારે કઢાવેલ ડીમાન્ડ ડ્રાફ્ટ (DD)નો નંબર, તારીખ, તથા બેંકનું નામ અવશ્ય દર્શાવવાનુ રહેશે.**

## (૭) <u>અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગ માટે</u>:-

(A) મૂળ ગુજરાતના અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારોને જ અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મળશે.

(B) અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ અને આર્થિક રીતે નબળા વર્ગ પૈકી ઉમેદવાર જે વર્ગના હોય તેની વિગતો અરજીપત્રકમાં અચૂક આપવી.

(C) ઉમેદવારે અરજીપત્રકના સંબંધિત કોલમમાં જે તે અનામત કક્ષા દર્શાવેલ નહી હોય તો પાછળથી અનામત વર્ગના ઉમેદવાર તરીકે લાભ મેળવવાનો હક્ક દાવો માન્ય રાખવામાં આવશે નહી.

(D) અનામત વર્ગનો લાભ મેળવવા ઇચ્છતા ઉમેદવારે તેના સમર્થનમાં સક્ષમ અધિકારી દ્વારા નિયત નમુનામાં આપવામાં આવેલ જાતિ પ્રમાણપત્રની નકલ આયોગ દ્વારા માંગવામાં આવે ત્યારે અચૂક રજૂ કરવાની રહેશે.

### • <u>અગત્યની નોંધ:</u>

(૧) સીધી ભરતીના કિસ્સામાં પ્રાથમિક કસોટીમાં ભાગ લેનાર તમામ અનામત કક્ષાના ઉમેદવારોના અનુસૂચિત જાતિ/ અનુસૂચિત જનજાતિ/ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ તથા નોન-ક્રીમીલેયર પ્રમાણપત્ર (NCLC)/આર્થિક રીતે નબળા વર્ગો (EWS) ના પ્રમાણપત્રો પ્રાથમિક કસોટી બાદ અરજી ચકાસણી માટે પાત્ર ઉમેદવારોની પ્રથમ યાદી પ્રસિધ્ધ થાય ત્યારે આ પ્રમાણપત્રો અપલોડ કરવાની છેલ્લી તારીખ સુધીમાં ઈશ્યુ કરાયેલ હોવા જોઈએ તથા માન્ય

નિયત સમયમર્યાદા વાળા હોવા જોઈશે. ઉમેદવારે ઓનલાઈન અરજી કર્યા બાદ આ માટેની જરૂરી કાર્યવાહી તુર્ત જ હાથ પરવામાં આવે તેની જરૂરી કાળજી લેવાની રહેશે.

(૨) સ્પર્ધાત્મક ભરતીના કિસ્સામાં પ્રાથમિક કસોટીમાં ભાગ લેનાર તમામ અનામત કક્ષાના ઉમેદવારોના અનુસૂચિત જાતિ/ અનુસૂચિત જનજાતિ/ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ તથા નોન-ક્રીમીલેયર પ્રમાણપત્ર(NCLC)/આર્થિક રીતે નબળા વર્ગો (EWS) નું પ્રમાણપત્રો મુખ્ય પરીક્ષાના અરજીપત્રક તથા પ્રમાણપત્રો અપલોડ કરવાની છેલ્લી તારીખ સુધીમાં ઈસ્યુ કરાયેલ હોવા જોઈશે. આ પ્રમાણપત્રો માન્ય નિયત સમયમર્યાદા વાળા હોવા જોઈએ ઉમેદવારે અરજીપત્રક ભર્યા બાદ આ માટેની જરૂરી કાર્યવાહી તુર્ત જ હાથ ધરવામાં આવે તેની જરૂરી કાળજી લેવાની રહેશે.

(૩) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોને અનામતનો લાભ જો તેઓનો સમાવેશ **“ઉન્નત વર્ગમાં**” નહી થતો હોય તો જ મળવાપાત્ર થશે.

(૪)

(A) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનું તારીખ ૦૬/૦૨/૧૯૯૬ ના ઠરાવથી નિયત થયેલ ગુજરાતી નમૂના ‘પરિશિષ્ટ-ક' મુજબનું અથવા તા ૨૭/૦૪/૨૦૧૦ના ઠરાવથી નવા નિયત કરાયેલ ગુજરાતી નમૂના ‘પરિશિષ્ટ-૪' મુજબનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

(B)સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા. ૨૬/૦૪/૨૦૧૬ ના ઠરાવ ક્રમાંક સશપ/૧૨૨૦૧૫/૪૫૫૨૪૬/૫ મુજબ ઉન્નત વર્ગમાં સમાવેશ નહી થવા અંગેના પ્રમાણપત્ર- Non Creamy Layer certificate'ની મહત્તમ અવધિ (validity) ઇશ્યુ થયા- વર્ષ સહિત ત્રણ નાણાકીય વર્ષની રહેશે પરંતુ આવું પ્રમાણપત્ર સીધી ભરતીની પરીક્ષાના કિસ્સામાં પ્રાથમિક પરીક્ષા બાદ અરજી ચકાસણી માટેની પ્રથમ યાદી પ્રસિધ્ધ થાય ત્યારે પ્રમાણપત્રો અપલોડ કરવાની છેલ્લી તારીખ સુધીમાં ઈસ્યુ કરાયેલ હોવા જોઈએ તથા સ્પર્ધાત્મક પરીક્ષાના

કિસ્સામાં મુખ્ય પરીક્ષાના અરજી પત્રક તથા પ્રમાણપત્રો અપલોડ કરવાની છેલ્લી તારીખ સુધીમાં ઈસ્યુ કરાયેલ હોવા જોઈશે. આ સમયગાળા મુજબના પ્રમાણપત્રો હોય તો જ માન્ય ગણવામાં આવશે અન્યથા તે માન્ય ગણવામાં આવશે નહી.

(C) ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું પ્રમાણપત્ર આપવા માટે ૬ માપદંડો ધ્યાને લેવાય છે. પ્રમાણપત્રની અવધિ હવે ત્રણ વર્ષની છે. પરંતુ ઉક્ત માપદંડો પૈકી કોઈપણ માપદંડમાં આ અવધિ દરમ્યાન ફેરફાર થાય તો તેની સ્વૈચ્છિક જાહેરાત સંબંધિત ઉમેદવારે તથા તેના માતા-પિતા/વાલીએ સ્વયં સંબધિત સત્તાધિકારી તેમજ તેના દ્વારા પ્રમાણપત્રમાં કોઈ ફેરફાર કરવામાં આવે તો ગુજરાત જાહેર સેવા આયોગને કરવાની રહેશે ઉમેદવાર/માતા-પિતા/વાલી આવી જાહેરાત નહી કરીને કોઈપણ વિગતો છુપાવશે તો તેઓ કાયદેસરની કાર્યવાહી પાત્ર બનશે અને તેઓએ મેળવેલ અનામતનો લાભ રદ કરવાપાત્ર થશે. ઉન્નત વર્ગમાં સમાવેશ નહિ થવા અંગેના પ્રમાણપત્ર મેળવા માટેના કોઈપણ માપદંડમાં ફેરફારની સ્વૈચ્છિક જાહેરાત કરવાની જવાબદારી ઉમેદવાર/માતા-પિતા/વાલીની વ્યક્તિગત રીતે અને સંયુક્ત રીતે રહેશે.

(D) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંક-ઇડબલ્યુયુએસ/૧૨૨૦૧૭/૪૫૯૦૩/૧૩/૦૯/૨૦૧૯ ની જોગવાઈ મુજબ આર્થિક રીતે નબળા વર્ગ (EWS) માટેના પાત્રતા પ્રમાણપત્રો ઇસ્યુ થયા તારીખથી ત્રણ વર્ષ સુધી માન્ય ગણવામાં આવશે આર્થિક રીતે નબળા વર્ગના ઉમેદવારોએ રાજ્ય સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા. ૨૫/૦૧/૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક: ઇડબલ્યુએસ/૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ થી નિયત થયેલ નમૂના (અંગ્રેજી)માં Annexure KH અથવા ગુજરાતીમાં પરિશિષ્ટ ગ)માં મેળવેલ આર્થિક રીતે નબળા વર્ગો માટેના પ્રમાણપત્ર નંબર અને તારીખ ઓનલાઈન અરજી કરતી વખતે દર્શાવવાના રહેશે. આ સંદર્ભે ગુજરાત સરકારના EWSના પ્રમાણપત્રના વિકલ્પે Income and Asset certificateને કોઈ પણ સંજોગોમાં માન્ય રાખવામાં આવશે નહીં. આ નિયત નમૂનાનું પ્રમાણપત્ર સીધી ભરતીની પરીક્ષાના કિસ્સામાં પ્રાથમિક પરીક્ષા બાદ અરજી ચકાસણી માટેની પ્રથમ યાદી પ્રસિધ્ધ થાય ત્યારે પ્રમાણપત્રો અપલોડ કરવાની

છેલ્લી તારીખ સુધીમાં ઈસ્યુ કરાયેલ હોવા જોઈએ તથા સ્પર્ધાત્મક પરીક્ષાના કિસ્સામાં મુખ્ય પરીક્ષાના અરજીપત્રક તથા પ્રમાણપત્રો અપલોડ કરવાની છેલ્લી તારીખ સુધીમાં ઈસ્યુ કરાયેલ હોવા જોઈએ. આ સમયગાળા મુજબના પ્રમાણપત્રો હશે તો જ માન્ય ગણવામાં આવશે અન્યથા તે માન્ય ગણવામાં આવશે નહી.

(૫) સરકારની પ્રવર્તમાન જોગવાઈ મુજબ અનામત કક્ષાના ઉમેદવારો બિનઅનામત વર્ગના ઉમેદવારોની સાથે નિયત ધોરણો (અર્થાત વય મર્યાદા, અનુભવની લાયકાત, બિનઅનામત વર્ગના ઉમેદવારો માટે અપનાવેલ હોય તેના કરતા વધુ વિસ્તૃત કરેલ અન્ય ક્ષેત્ર) માં છૂટછાટ લીધા સિવાય પોતાની ગુણવત્તાના આધારે પસંદગી પામે તો બિનઅનામત જગ્યાની સામે ગણતરીમાં લેવાના થાય છે.

(૬) અનુસૂચિત જાતિ તથા અનુસૂચિત જનજાતિ વર્ગનું પ્રમાણપત્ર સીધી ભરતીની પરીક્ષાના કિસ્સામાં પ્રાથમિક પરીક્ષા બાદ અરજી ચકાસણી માટેની પ્રથમ યાદી પ્રસિધ્ધ થાય ત્યારે પ્રમાણપત્રો અપલોડ કરવાની છેલ્લી તારીખ સુધીમાં ઈસ્યુ કરાયેલ હોવા જોઈશે તથા સ્પર્ધાત્મક પરીક્ષાના કિસ્સામાં મુખ્ય પરીક્ષાના અરજીપત્રક તથા પ્રમાણપત્રો અપલોડ કરવાની છેલ્લી તારીખ સુધીમાં ઈસ્યુ કરાયેલ હોવા જોઈએ.

(૭) જો કોઈ અનામત વર્ગના ઉમેદવારે નિયત સમયગાળા દરમ્યાન ઇશ્યુ થયેલ નિયત નમૂનાનું પ્રમાણપત્ર રજૂ કરેલ નહી હોય તો તે સંજોગોમાં અનામત કેટેગરીના ઉમેદવાર તરીકે કોઇપણ પ્રકારની છૂટછાટ લીધેલ ન હોવાની શરતે તે જો બિનઅનામત કક્ષાના મેરીટમાં આવતો હોય તો સંબંધિત જાહેરાતમાં ભરતી પ્રક્રિયાના કોઇ પણ તબક્કે તે ઉમેદવારને બિનઅનામત વર્ગનો ગણવામાં આવશે. પરંતુ કોઇ પણ ઉમેદવાર જો બિનઅનામત વર્ગમાં અરજી કરશે તો ભરતી પ્રક્રિયાના કોઈ પણ તબકકે તેઓની કેટેગરી બદલી આપવાની રજૂઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહી.

**(૮) <u>સામાન્ય સૂચનાઓ</u>:-**

(A) ઉમેદવારે અરજી પત્રકમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે અને તેના પૂરાવા પ્રમાણપત્રોની ચકાસણી સમયે અસલમાં રજૂ કરવાના રહેશે. અન્યથા અરજી પત્રક જે તે તબકકે "રદ" ગણવામાં આવશે.

(B) ઉમેદવાર અરજી પત્રકમાં જે ફોટો અપલોડ કરે છે તેની પાસપોર્ટ સાઈઝના ફોટાની એક કરતા વધુ કોપીઓ પોતાની પાસે રાખવી અને આ જાહેરાત સંવર્ગની સમગ્ર ભરતી પ્રક્રિયામાં તે જ ફોટાની કોપીનો ઉપયોગ કરવાનો રહેશે (જેમ કે પરીક્ષા સમયે હાજરી પત્રકમાં લગાવવો તેમજ અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે પણ તે જ ફોટાની કોપી રજૂ કરવાની રહેશે.)

(C) ઉમેદવાર અરજી પત્રક ભરતી વખતે જે મોબાઈલ નંબર દર્શાવે છે તે નંબર ચાલુ રાખવો. અરજી પત્રકમાં દર્શાવેલ મોબાઈલ નંબર ભરતી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યા સુધી જાળવી રાખવો આપના હિતમાં છે તથા અરજી પત્રકમાં ઈ મેઈલ સુવાચ્ય અક્ષરે લખવું જરૂરી છે. ભરતી સંબંધેની તમામ સૂચનાઓ કોલેજની વેબસાઈટ ઉપર મુકવામાં આવશે આથી કોલેજની વેબસાઈટ www.rgsciencecollege.in અચૂક જોતા રહેવું

(D) ઉમેદવારે અરજી પત્રકમાં દર્શાવેલી કોઈપણ વિગત અને અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજૂ કરેલ જન્મ તારીખ, શૈક્ષણિક લાયકાત, વય, જાતિ. અનુભવ વગેરેને લગતા પ્રમાણપત્રો ભવિષ્યમાં જે તે તબકકે ચકાસણી દરમ્યાન ખોટા માલુમ પડશે તો તેની સામે યોગ્ય કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે આવા ઉમેદવારની ઉમેદવારી સંચાલક મંડળ રદ કરી શકશે તેમજ અન્ય સંવર્ગોની ભરતી માટે પણ ગેરલાયક ઠરાવવામાં આવશે તેમજ જો પસંદગી/નિમણૂક થયેલ હશે તો પસંદગી/નિમણૂક કરનાર સંચાલક મંડળ/નિમણૂંક કરનાર સત્તાધિકારી દ્વારા કોઈ પણ તબકકે રદ કરવામાં આવશે.

(E) સંચાલક મંડળ દ્વારા લેવાનાર સ્પર્ધાત્મક પ્રાથમિક પરીક્ષા કે મુખ્ય પરીક્ષામાં ઉત્તીર્ણ થવાથી જ ઉમેદવારને નિમણૂંક માટેનો હકક મળી જતો નથી. નિમણૂંક સમયે સત્તાધિકારીને

ઉમેદવાર બધી જ રીતે યોગ્ય છે તેમ સંતોષ થાય અને ત્યારબાદ સરકારશ્રીની પૂર્વ મંજુરી મળ્યા બાદ જ ઉમેદવારને નિમણુંક આપવામાં આવશે.

(F) પસંદગી પામેલ ઉમેદવાર નિમણૂક સત્તાધિકારી ઠરાવે તે શરતોને આધિન નિમણૂંક મેળવવાને પાત્ર થશે.

(G) ઉમેદવાર પોતે પરીક્ષામા સફળ થયો હોવાના કારણોસર સંબંધિત જગ્યા ઉપર નિમણુંક કરવાનો દાવો કરવાને હકકદાર થશે નહી. નિમણૂંક કરનાર સત્તાધિકારીને પોતાને એવી ખાત્રી થાય કે જાહેર સેવા માટે ઉમેદવાર યોગ્ય જણાતો નથી તો તેને પડતો મુકી શકશે. નિમણુંક બાબતે નિમણુંક કરનાર સત્તાધિકારીનો અને સંચાલક મંડળનો નિર્ણય આખરી ગણાશે.

(H) ભરતી પ્રક્રિયા સંપૂર્ણ પણે ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો-૧૯૬૭ (વખતો વખતના સુધારા સહિત) અને તે અન્વયે જે તે સંવર્ગના ઘડવામાં આવેલ ભરતીના નિયમોને આધિન રહેશે.

(I) આ જાહેરાત અન્વયે અર્થઘટન બાબતે જે તે સંવર્ગના ભરતી નિયમો અને પરીક્ષા નિયમોની જોગવાઈ આખરી રહેશે.

(J) આ જાહેરાત તથા ભરતી પ્રક્રિયામાં કોઈ પણ કારણોસર તેમા ફેરફાર કરવાની કે રદ કરવાની આવશ્યકતા ઉભી થાય તો તેમ કરવાનો સંચાલક મંડળને સંપૂર્ણ હકક/અધિકાર રહેશે અને સંચાલક મંડળ આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહી.

તારીખ:- B/O

સ્થળ - અમદાવાદ